# ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ

GUDA

ગુડાભવન ખ-૦ સર્કલ પાસે,એસ.જી હાઈવે મુ.પો. સરગાસણ ,તા.જી.ગાંધીનગર -૩૮૨૪૨૧

નં.ગુડા/એસ્ટેટ/ઈ-ઓકશન / ટી.પી.નં-૧૩ /એફ.પી.નં-૨૭૪/ 4288 /૨૦૨૩ તા:- 17/6/23

## ટાઈટલ ક્લીયરન્સ સર્ટિફીકેટ

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે. કે મોજે, વાવોલ ની ટી.પી.નં.-૧૩ (વાવોલ) ના અંતિમ ખંડ નં-૨૭૪ (વાણિજ્ય હેતુ વેચાણ સારૂ) ક્ષેત્રફળ:-૩૪૯૮ ચો.મી ની તા.-૧૦/૦૨/૨૦૨૩ ના રોજ ઈ-ઓકશનથી જાહેર હરાજી કરવામાં આવેલ છે. જેને M/S. ADITYA RATNA ENTERPRISE LLP (JAY KAIVAN SHAH) ની સૌથી ઊંચી બોલી બોલેલ હોઈ ફાળવણી થી વેચાણ કરવામાં આવેલ છે. જેની પુરેપુરી રકમ ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ ખાતે ભરપાઈ થયેલ છે. તેમજ તે અંગેનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં-૨૮૭૨૫ તા.-૨૩/૦૫/૨૦૨૩ સબ રજીસ્ટ્રાર કચેરી ગાંધીનગર ખાતે નોંધાયેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની જોગવાઈઓને આધિન પ્રારંભિક નગર રચના યોજના મંજુર થયેથી સત્તામંડળ ને સંપ્રાપ્ત થતાં અંતિમ ખંડોની માલિકી સત્તામંડળ હસ્તકની થાય છે, જેથી રેવન્યુ રેકર્ડમાં અલગથી નામ દાખલ કરવાનું થતુ નથી. જે બાબતે આ પ્રમાણપત્ર આપેલ છે.

અધિક કલેક્ટર

ગાંધીનગર શહેરી વિકાસ સતામંડળ

ગાંધીનગર

# ગાંધીનગર મહાનગર પાલીકા

## નગર રચના યોજના, ગુડા નં.૧૩(વાવોલ) નુ પુનઃફાળવણી પત્રક

| કેસ નબર | જમીનમાલીકનું નામ | સત્તાપ્રકાર | સર્વે નંબર | મુળખંડ નંબર | મુળખંડનુ ક્ષેત્રફળ ચો.મી. | અંતિમખંડ નંબર | અંતિમખંડનુ ક્ષેત્રફળ ચો.મી. | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| | | | વાણિજ્ય વેચવા માટે | | | ૨૭૪ | ૩૪૯૮ | ૨૫% સ્કીમ વિસ્તાર માટે લાભદાઈ અને ૭૫% જનરલ પબ્લીક માટે લાભદાઈ |

Prep. By surveyor: 17/2

P/A 17/2/2023

20/2

Junior Town Planner
Gandhinagar Municipal Corporation

Annexure -D

# ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ

GUDA

ગુડાભવન ખ-૦ સર્કલ પાસે,એસ.જી હાઈવે મુ.પો. સરગાસણ ,તા.જી.ગાંધીનગર -૩૮૨૪૨૧

નં.ગુડા/ઈ-ઓક્શન/ટી.પી.નં- ૧૩/એફ.પી.નં- ૨૭૪/LOI/ 1079 /૨૦૨૩ તા.- 14/02/2023

## ઈન્ટીમેશન પત્ર

પ્રતિ,
JAY SHAH
ADITYARATNA ENTERPRISE LLP
41, SHARDA NAGAR SOC,
NR. NEW SHARDA MANDIR ,
ELLISBRIDGE, PALDI,
AHMEDABAD, GUJRAT, 380007

વિષય : ટી.પી.સ્કીમ નં ૧૩ (વાવોલ), ફા.પ્લોટ નં-૨૭૪ (સેલ ફોર કોમર્શિયલ) ક્ષેત્રફળ- ૩૪૯૮ ચો.મીને કોમર્શિયલ હેતુ માટે ઓનલાઈન ઈ-ઓકશનની કાર્યવાહીમાં આપશ્રીની મહત્તમ ઓફર અનુસારના નાણાં ભરપાઈ કરવા બાબત.

સંદર્ભ : આપના દ્વારા ₹૬૫,૨૦૦/- પ્રતિ ચો.મી.ની ઓફર કરવામાં આવેલ તેની વિગત. (n-code E-Auction report )

ઉપરોક્ત વિષયે ટી.પી.સ્કીમ નં. ૧૩ (વાવોલ), ફા.પ્લોટ નં ૨૭૪ ક્ષેત્રફળ: ૩૪૯૮ ચો.મી. જમીન વેચાણ થી શહેરી /વિસ્તાર વિકાસ સત્તામંડળોના (ડીસ્પોઝલ ઓફ લેન્ડ એન્ડ અધર પ્રોપર્ટીઝ) રેગ્યુલેશન-૨૦૦૨ અનુસાર (n) Code Solutions ની વેબસાઈટ પર તા. ૧૦/૦૨/૨૦૨૩ ના રોજ બપોરે ૧૫:૦૦ કલાકે યોજવામાં આવેલ ઈ-ઓકશનમાં આપશ્રી દ્વારા કરવામાં આવેલ મહત્તમ ઓફર રૂપિયા ₹. ૬૫,૨૦૦/- પ્રતિ ચો.મી. લેખે પ્રિમિયમની રકમ ₹. ૨૨,૮૦,૬૯,૬૦૦/- (અંકે રૂપિયા બાવીસ કરોડ એંસી લાખ અગણ્યોસીતેર હજાર છસો પુરા) વસૂલ લઈ ઈ-ઓકશન ટેન્ડરની શરતોને આધિન સદરહુ પ્લોટ અંગે નીચે દર્શાવ્યા મુજબના નાણાં નિયત સમયમર્યાદામાં ભરવા આથી આપને જણાવવામાં આવે છે.

પ્રિમિયમની કુલ રકમ ₹. ૨૨,૮૦,૬૯,૬૦૦/- (અંકે રૂપિયા બાવીસ કરોડ એંસી લાખ અગણ્યોસીતેર હજાર છસો પુરા) પૈકી

(૧) ૧૦% રકમ પેટેના ₹. ૨,૨૮,૦૬,૯૬૦/- (અંકે રૂપિયા બે કરોડ અઠ્યાવીસ લાખ છ હજાર નવસો સાઈઠ પુરા) માંથી ભરાયેલ EMDની રકમ ₹. ૧૪,૬૯,૧૬૦/- (અંકે રૂપિયા ચૌદ લાખ અગણ્યોસીતેર હજાર એકસો સાઈઠ પુરા) મજરે લેતા બાકી ભરવાની થતી રકમ ₹. ૨,૧૩,૩૭,૮૦૦/- (અંકે રૂપિયા બે કરોડ તેર લાખ સડત્રીસ હજાર આઠસો પુરા) આ પત્ર મળ્યેથી દિન-૧૦ (દશ) સુધીમાં તથા

GANDHINAGAR URBAN DEVELOPMENT AUTHORITY * GANDHINAGAR *

(૨) બાકીના ૯૦% રકમ પેટેના ₹. ૨૦,૧૧૨,૬૨,૬૪૦/- (અંકે રૂપિયા વીસ કરોડ બાવન લાખ બાસઠ હજાર છસો ચાલીસ પુરા) પત્ર મળેથી દિન-૩૦ (ત્રીસ) સુધીમાં ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ ખાતે જમા કરાવી તેની અત્રે લેખિતમાં જાણ કરવી.

આમ, ઉપરોક્ત (૧) તથા (૨) મુજબના તમામ નાણાં " ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ, ગાંધીનગર" ના નામના નીચેના એકાઉન્ટમાં RTGS થી નાણાં ટ્રાન્સફર કરવાના રહેશે.

| RTGS દ્વારા નાણાં જમા કરાવી રહયા હોવ ત્યારે ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળના નીચે મુજબના બેંક ખાતામાં જમા કરાવવાના રહેશે. | | | | |
|---|---|---|---|---|
| બેંકનું નામ | શાખાનું નામ | એકાઉન્ટ નંબર | MICR Code | IFSC Code |
| SBI BANK | Gandhinagar | 66027886009 | 380002128 | SBIN0060228 |

ઉપરોક્ત નાણાં નિયત સમયમર્યાદામાં અત્રે જમા કરાવીને તેની પહોંચ મેળવી લેવાની રહેશે. અન્યથા આપશ્રી દ્વારા ભરેલા તમામ નાણાં જપ્ત કરી ટેન્ડરની શરતો અનુસાર નિયમોનુસારની કાર્યવાહી અત્રેથી હાથ ધરવામાં આવશે તેમજ આ પ્લોટની ફાળવણીમાં આપને કોઈ જ રસ નથી તેવું માનીને ઈ-ઓકશનના ટેન્ડરની શરતોનો ભંગ થતો હોઈ ફાળવણી રદ કરવામાં આવશે. ઉપરોકત નાણાં ટ્રાન્સફર કરાવ્યાનું પ્રુફ (ઓરીજીનલ) નીચેની વિગતો સાથે અત્રે રજૂ કરવાનું રહેશે.

| જે બેંક શાખામાંના એકાઉન્ટમાંથી આપે નાણાં RTGS ટ્રાન્સફર આપેલ હોય તેની વિગતો | | | |
|---|---|---|---|
| એકાઉન્ટ નંબર | બેંક | બ્રાંચ | ચૂકવ્યા તારીખ |
| | | | |

આ પત્ર એ આપશ્રીની ઓફર મહત્તમ હોઈ તેને માન્ય રાખીને નિયત નાણાં ભરવા માટેનું ઈન્ટીમેશન આપવા પૂરતો જ હોઈ આ પત્રથી આપશ્રીને કોઈ ફાળવણી કરાઈ છે કે કોઈ પઝેશન સોંપાયું છે તેમ માનવાનું રહેશે નહિ. ટેન્ડરની શરતોને આધિન રહી પ્લોટની ફાળવણી કરીને પઝેશનની સોંપણી અલગથી કરવામાં આવશે. જે ધ્યાને લઈ ઉપરોક્ત નાણાં નિયત સમય મર્યાદામાં ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ ખાતે જમા કરાવી તેની જાણ કરવા માટે નોંધ લેવા વિનંતી છે. આ પત્ર મળેથી પહોંચ સ્વરૂપે જવાબી પત્ર પાઠવી આપવો.

તારીખ:- ૧૫ /૦૨/૨૦૨૨૩

મુખ્ય કારોબારી અધિકારી
ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ
ગાંધીનગર

GANDHINAGAR URBAN DEVELOPMENT AUTHORITY
GANDHINAGAR

# કબજા પાવતી

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની જોગવાઈ મુજબ ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા નિર્મિત ટી.પી.સ્કીમ નં.-૧૩ (વાવોલ)સરકારશ્રીનાં પત્ર ક્રમાંકઃ GH/V/83 OF 2019/TPS-162019-2044-L, તા. ૧૦/૦૬/૨૦૧૯ થી અંતિમ મંજુર થયેલ છે, સદર ટી.પી.સ્કીમમાં સત્તામંડળને ફા.પ્લોટ નં.-૨૭૪ (S.F.C) ની ૩૪૯૮ ચો.મી.જમીન વાણિજ્ય વેચાણ માટે પ્રાપ્ત થયેલ છે. અધિનિયમની જોગવાઈ મુજબ ટી.પી.સ્કીમ અન્વયે સંપ્રાપ્ત થતી જમીનનો ખુલ્લો તેમજ પ્રત્યક્ષ કબજો સત્તામંડળ હસ્તક છે. સદર પ્લોટની જાહેર હરાજી તા.-૧૦/૦૨/૨૦૨૩ ના રોજ યોજાયેલ, જેમાં ADITYARATNA ENTERPRISE LLP દ્વારા સૌથી વધુ બોલી બોલવામાં આવેલ છે. જેની કુલ રકમ રૂ.૨૨,૮૦,૬૯,૬૦૦/- તેઓશ્રી દ્વારા ભરપાઈ કરવામાં આવેલ હોઈ સ્થળ સ્થિતી મુજબનો પ્રત્યક્ષ કબ્જો સાક્ષીઓ રૂબરૂ આજ તા.-૨૮/03/૨૦૨૩ ના રોજ ADITYARATNA ENTERPRISE LLP ના અધિકૃત વ્યક્તિ જય કૈવન શાહ ને સોંપવામાં આવેલ છે. જેનો ફોટોગ્રાફ, પાર્ટપ્લાન તથા એફ.ફોર્મ ની નકલ સામેલ રાખેલ છે.

સદર જમીનની ચતુઃસીમા નીચે મુજબ છે.

**ચતુઃ સીમા**

પૂર્વ : હયાત ૪૫.૦૦ મી.રોડ

પશ્ચિમ : એફ.પી.નં.- ૧૮૩

ઉત્તર : હયાત ૧૨.૦૦ મી.રોડ

દક્ષિણ : એફ.પી.નં.-૧૮૭/૧

GANDHINAGAR URBAN DEVELOPMENT AUTHORITY
सत्यमेव जयते
GANDHINAGAR

કબજો સોંપનાર અધિકારી

એસ્ટેટ અધિકારી

કબજો લેનાર

JAY KAIVAN SHAH
authorized signatory
ADITYARATNA ENTERPRISE LLP

સાક્ષી ૧ (રૂબરૂ) : નામઃ- Vishrut T. Shah સહીઃ-

સાક્ષી ૨ (રૂબરૂ) : નામઃ- [illegible] Vikas D સહીઃ-

સ્થળ : ફા.પ્લોટ નં. ૨૭૪ (S.F.C), ટી.પી,-૧૩, (વાવોલ), ગાંધીનગર

તારીખ : 29/03/૨૦૨૩

નં. ગુડા/એસ્ટેટ/કબજા પાવતી / ફા.પ્લોટ નં.-૨૭૪ (S.F.C)/ટી.પી.-૧૩, (વાવોલ)/2722/૨૦૨૩